ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૮૫ ટકા

# શહેરમાં ગરબા કલાસની સીઝન શરૂ

## ઉડીઉડી જાય, ચારચાર બંગડીવાળું ગીત અને સેલ્ફી સ્ટેપ્સ સાથે નવરાત્રીમાં યુવાધન ઝુમી ઉઠશે

ગાંધીનગર, તા.૧૬

નવલી નવરાતને અઢીમાસ જેટલો સમય બાકી રહ્યો છે. ત્યારે ગાંધીનગર શહેરમાં અત્યારથી જ ઠેરઠેર ગરબા કલાસીસ શરુ થઈ ગયા છે. જેમાં યુવાધન ચાર કલાકથી વધુ સમય સુધી ગરબાની પ્રેકટીસ કરીને પસીનો વહાવી અવનવા સ્ટેપ્સ શીખી રહ્યા છે. ત્યારે આ વર્ષે રઈશ મુવીના સોંગ ઉડી ઉડી જાય, ચાર ચાર બંગડીવાળી ગાડી, સહિત રાજસ્થાની કાલબેલીયા નૃત્યને ગરબાના સ્ટેપ્સનો ટચ આપી અનોખા સ્ટેપ્સ રીધમ ગરબા કલાસમાં શીખવા માટે યુવાવર્ગ મથામણ કરી રહ્યો છે. તો બીજીતરફ યુવાનો બદલાતા જતા ટ્રેન્ડ મુજબ ભારતીય સાંસ્કૃતિને અનુરુપ નવરાત્રીમાં ગરબા ગ્રાઉન્ડમાં સુશોભિત છકડામાં એન્ટ્રી મારવા પણ થનગની રહ્યા છે. ત્યારે આ વર્ષે નવલી નવરાત્રીમાં યુવાવર્ગ અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમી માતાજીની આરાધના કરતો જોવા મળશે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના ગરબા વિદેશમાં પણ ધુમ મચાવે છે. ત્યારે શહેરના ગરબા કલાસના સંચાલકોને ગરબા શીખવાડવા વિદેશમાં આવવા માટે રૂ. ૫ થી ૮ લાખ સુધીની ઓફરો પણ થઈ ચુકી છે.

ગાંધીનગર શહેરમાં અત્યારથી જ નવરાત્રી જેવો માહોલ જામ્યો છે. નગરના વિવિધ સેકટરોમાં ગરબા કલાસીસ શરુ થઈ ગયા છે. ત્યારે શહેરના સે-૨૧માં રિધમ ગરબા કલાસનો શુભારંભ થઈ ગયો છે. જેમાં અત્યારે હાલના સમયે ૮૦થી વધુ ગરબા પ્રેમીઓ ગરબાના અવનવા સ્ટેપ્સ શીખવા માટે પસીનો વહાવી રહ્યા છે. રિધમમાં ૫ થી ૬૦ વર્ષના વ્યકિતઓ સાથે ગરબા શીખી રહ્યા છે. જયારે મહિલાઓ માટે ખાસ વિશેષ બેંચનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે રિધમના સંચાલક નિરવ લોથ સાથે વાત કરતા તેઓએ જણાવ્યું કે તેઓ છેલ્લા ૧૪ વર્ષથી ગરબાના કલાસ સાથે સંકળાયેલા છે, વેપારી હોવા છતા નવરાત્રી આવતા ખાસ સમય નીકાળીને ગરબાના સ્ટેપ્સ તૈયાર કરે છે. અત્યારે હાલના સમયે કેટલોક યુવાવર્ગ ગરબા વેઈટલોસ માટે પણ શીખવા માટે આવે છે.ગરબામાં દોઢીયુ, પોપટીયું, કાઠીયાવાડી, હુડો, વિલંબીત રાસ, તળપદા અને રાજસ્થાની કાલબેલીયા નૃત્ય શીખવા માટે યુવાધન તનતોડ મહેનત કરીને કલાસમાં પસીનો વહાવી રહ્યા છે. ત્યારે આ વર્ષે ગરબા ગ્રાઉન્ડમાં ઉડીઉડી જાય , ચારચાર બંગડી, સહિતના ગીતો ધુમ મચાવશે જેના તાલે ગરબા પ્રેમીઓ ઝુમી ઉઠશે. જયારે સેલ્ફી સ્ટેપ્સ પણ નવરાત્રીનું અનોખુ આકર્ષણ રહેશે. જયારે સે-૨૧ માં ખાસ સીઆરપીએફ, આર્મી, સહિતના જવાનોના પરિવારજનો પણ વિશેષ ગરબા શીખવા આવે છે. દરવર્ષ કંઈક હટકે કરવામાં નિરવ લોથ માનતા હોવાથી દરવર્ષે પોતના ત્યાં શીખવા માટે આવતા સ્ટુડન્ટને નિતનવા સ્ટેપ્સ શીખવાડતા નજરે પડે છે. જયારે કેટલાક યુવાનો જીમમાં જઈને પસીનો પાડવાનું પસંદ નહી કરતા હોવાથી ગરબા કલાસમાં વેઈટલોસ માટે આવે છે. જેમાં ગરબા મ્યુઝીકના તાલે શીખવા મળે અને ગરબાના અવનવા સ્ટેપ્સ પણ શીખવા મળે આ વર્ષે આવા યુવાનો વધુ જોવા મળી રહ્યા છે. ત્યારે ગાંધીનગરના ગરબાપ્રેમ વિદેશ સુધી પહોંચતા કેટલાક વિદેશોમાંથી પણ સંચાલકોને ફોન આવી ગયા છે જેમાં ગરબા શીખવાડવા માટે વિદેશમાં આવવા માટે આમંત્રણ મળી ચુક્યા છે અને રૂ.૫ થી ૧૦ લાખ સુધીની ઓફર પણ થઈ ગઈ છે. ત્યારે ગરબાના કલાસમાં મ્યુઝીક વાગતા અને યુવાવર્ગ અવનવા સ્ટેપ્સ કરતા નજરે પડી રહ્યા છે. ત્યારે આગામી સમયમાં શહેરમાં ઠેરઠેર ગરબાના તાલિમવર્ગોનો પ્રારંભ ટુંક સમયમાં થઈ જશે.જેને પગલે શહેરમાં નવરાત્રી આવતા જ અનોખો માહોલ જામશે.



@ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં સુગંધી શલાકાના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ખારેકના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● જીએસટી અંગે માર્ગદર્શન સેમિનાર સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સે-૧૭ ખાતે સાંજે ૬.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન યોજાશે.

વાતવાતમાં


● દસેક દિવસ પૂર્વે ગાંધીનગર-સરખેજ રૂટના શટલિયા જીપ ચાલકોને અમદાવાદના ચાલકો સાથે ગોતા પાસે બબાલ થવા પામી હતી જેના પગલે શટલિયા જીપો બંધ હતી. રવિવારે બંને જુથો વચ્ચે સમાધાન થઈ જતા સોમવારથી ફરી શટલિયા જીપો દોડતી થઈ જશે.

● જિલ્લા આયોજન અધિકારીનો ચાર્જ હાલ જિલ્લા આંકડા અધિકારીને સોંપવામાં આવ્યો છે.

● શહેરમાં વરસાદી માહોલના પગલે રજાના દિવસે નાગરિકોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. જો કે દિવસ દરમિયાન બપોર પછી વરસાદે હાથતાળી આપતા સાંજના સમયે નગરજનોએ બહાર નીકળવાના પ્લાનિંગ કર્યા હતા પરંતુ સાંજે ઝરમરિયા વરસાદે ફરી સહેલાણીઓનો મુડ બગાડયો હતો.

# સે-૨૬ કિસાનનગરમાં તસ્કરો ત્રાટકયા

## પરિવાર ગામડે ગયું ને તસ્કરોએ મકાનના તાળા તોડયા : પસ્તીના કોથળામાં સંતાડીને મુકેલા આઠ તોલા દાગીના બચી ગયા : રૂ. ૨૫ હજારની ચોરી



શહેરના સેકટર-૨૬ કિસાનનગર વિસ્તારમાં તસ્કર ટોળકી ત્રાટકી હતી. મકાનમાં ભાડે રહેતું પરિવાર બે દિવસ માટે પોતાના ગામડે પ્રાંતિજ ગયું હતું તે દરમિયાન તસ્કરોએ બંધ મકાનના તાળા તોડીને અંદરથી રૂ. ૨૫ હજાર રોકડ ચોરી કરી લીધા હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે બુદ્ધિપૂર્વક બહારગામ જતા પહેલા ઘરમાં પડેલા ૮ તોલા દાગીના પસ્તીના કોથળામાં સંતાડીને માળીયે મુકીને નીકળ્યા હોવાથી દાગીના બચી જવા પામ્યા છે.

મળતી માહિતી મુજબ ખ-૭ સર્કલ નજીક આવેલા કિસાનનગરના પ્લોટ નં. ૬૬૪/૨ ખાતે એક પરિવાર ભાડે રહે છે. બે દિવસ માટે આખું પરીવાર મકાનને તાળા મારીને પોતાના ગામડે પ્રાંતિજ ગયું હતું. આજે સવારે ખબર પડી કે તેમના બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો છે. મુખ્ય દરવાજાનો નકુચો તોડીને અંદર પ્રવેશી તિજોરીના તાળા તોડી આખી તિજોરી ફંફોસી નાંખી હતી. તસ્કરોને હાથ મોટી કોઈ માલમત્તા આવી ન હતી પરંતુ રૂ. ૨૫ હજાર રોકડ હાથ લાગી જતા રોકડ લઈને રફફુચક્કર થઈ ગયા હતા તો બીજી તરફ રૂમના માળીયે પસ્તીના કોથળામાં તેમણે ૮ તોલા સોનાના દાગીના સંતાડયા હતા. આ દાગીના પસ્તીમાં સંતાડયા હોવાથી તસ્કરોની નજરે ન ચઢતા બચી જવા પામ્યા હતા. આ મામલે પોલીસ ફરિયાદ કરવામાં આવી નથી.


# ગાંધીનગર ખાતે લાયન્સ કલબનો ૪૫મો ડિસ્ટ્રિકટ પદગ્રહણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિકટ ૩૨૩૨-બી દ્વારા આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ૪૫મી ડિસ્ટ્રિકટ કેબિનેટ ઈન્સ્ટોલેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડિસ્ટ્રિકટ ગવર્નર સીએ જીતેન્દ્ર જૈને ૧૨૫ કેબિનેટ ઓફિસર્સને શપથ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમનું ઉદઘાટન પ્રવિણભાઈ છાજેડના હસ્તે કરાયું હતું. જેમાં કલબના વિવિધ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા ગતા.

લાયન્સ કલબની ડિસ્ટ્રિકટ સર્વિસમાં સ્માર્ટ વિલેજ, સોલર એનર્જી, ઈન્ટરનેશનલ ટ્રેનિંગ, બ્લડ બેંક, કિડની ડાલાલિસિસ અને સ્વજન ગૃહનો સમાવેશ થાય છે જયારે કે ઈન્ટરનેશનલ સર્વિસમાં ડાયાબિટિસ, વિઝન, હંગર, યુઝ, એનવાયર્નમેન્ટ અને પિડિયાટ્રિક કેન્સર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. એક વર્ષની મુદત માટે નિમાયેલા જીતેન્દ્ર જૈન અને તેમના ૧૨૫ કેબિનેટ ઓફિસર્સ હવે વિવિધ સામાજીક સેવાઓના કાર્યો માટે પોતાની યોજના ઘડશે, જેથી લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય.

આ ઉદ્દેશ્યને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરતા લાયન્સ કલબ ઈન્ટરનેશનલે ગુજરાતના બનાસકાંઠા જલ્લાના ૭ ગામડાને સ્માર્ટ વિલેજ બનાવવા માટે આ ગામના સરપંચો સાથે સમજૂતી કરાર (એમઓયુ) ઉપર હસ્તાક્ષર કર્યા હતા. આ એમઓયુ અંતર્ગત લાયન્સ કલબ ગામડામાં પાયાની સુવિધાઓ ઉભી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. કલબે દત્તક લીધેલા ગામમાં કસાણા, ઘોરવાડા, ગેડ, લીંબોદરા, વૈયા અને લાલપુરનો સમાવેશ થાય છે. આ તમામ ગામના સરપંચો પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.




ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા જ શિકાગોમાં આયોજીત ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં લાયન્સના જીતેન્દ્ર જૈનો શપથ લીધા હતા. શિકાગોમાં ૧૫૦ દેશના લાયન્સ ડેલિગેટસની ઉપસ્થિતિમાં જીતેન્દ્ર જૈનનું ૨૫ નવી કલબ બનાવવા બદલ ભારતમાં નં. ૧ અને વિશ્વમાં ત્રીજા નંબરે રહેવા બદલ મેડલ એનાયત કરાયો હતો. લાયન્સ કલબના ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટના હસ્તે તેમનું સન્માન કરાયું હતું.

આઈ લવ માય ગાંધીનગર



**રાકેશ પટેલ**
**નગરસેવક**

**ગાંધીનગર ગમે**
મન હરી લે તેવી રમણીયતા ઉપરાંત શિક્ષણ, કલા, સંસ્કૃતિ અને સેવાની નિરંતર પ્રવૃત્તિઓને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**
શિક્ષિત અને અશિક્ષિત, શહેરી અને ગ્રામીણ એમ બંને પ્રકારનાં નગરજનો ગુજરાતના આ પાટનગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
આર્ષ-અક્ષરધામ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, લાયન્સ-રોટરી કલબ, જી ઈ કલબ અને ગ્રો ફાઉન્ડેશન જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
પ્રત્યેક નાગરિકના મનમાં 'નગર મારું છે' એવી ભાવના જગાવવામાં આવે તો નગરને બહેતર બનાવી શકાય એમ છે.

**નગર માટે હું કરી શકું**
સેવાના સઘળા ઉપક્રમો માટે મારું સઘળું યોગદાન આપવા માટે હું તૈયાર છું.

# શ્રાવણ જ નહી બારે માસ મહિલાઓનું દ્વારકેશ સત્કર્મ કેલેન્ડર

## વાવોલની દ્વારકેશ રેસિડેન્સીની મહિલાઓ દર માસે માત્ર રૂ. ૧૦ જેવી નજીવી રકમથી બારેય માસ જે સેવાકાર્ય કરે છે તે ખરા અર્થમાં પ્રસંશનીય અને અનુકરણીય છે

સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા.૧૬

પવિત્ર શ્રાવણ માસ પ્રારંભ થવાની ઘડીઓ ગણાઈ રહી છે. શ્રાવણ માસના પ્રારંભ સાથે જ ચોતરફ ધાર્મિક પ્રવૃત્તિઓ ધમધમવા લાગતા ભક્તિભાવ ભર્યો માહોલ જામવા લાગે છે. જો કે આ સાથે શ્રાવણિયા જુગાર જેવી બદીઓને યેનકેન રીતે તહેવાર સાથે જોડી દઈને પોતાની 'રમત' વૃત્તિઓને સંતોષનારો વર્ગ પણ ઘણો મોટો છે. બીજી તરફ આ પવિત્ર માહોલમાં શકય હોય તેટલા વધુને વધુ સદકાર્યો-ધાર્મિક કાર્યો કરનાર શ્રધ્ધાળુઓ પણ દાન-પુણ્ય-ઉપવાસ-ભક્તિ-વ્રત વગેરે થકી ઈશ્વરને ભજી લેવા કમર કસે છે. જો કે ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલની દ્વારકેશ રેસિડેન્સી સોસાયટીની મહિલાઓ માટે બારે માસ જાણે શ્રાવણ માસ હોય તેવી ભાવના સાથે દર માસનું સત્કર્મ કેલેન્ડર જ બનાવી દેવાયું છે.

રાષ્ટ્રીય તહેવારો હોય કે ધાર્મિક તહેવારો દરેક અલગ રીતે જ કંઈક નોખું કરીને સામાજિક તથા પર્યાવરણીય જવાબદારીને સાથે જોડીને ઉત્સવ ઉજવવા માટે દ્વારકેશ રેસિડેન્સી જાણીતી છે. આ સોસાયટીમાં ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગષ્ટ અને બાળદિન જેવા રાષ્ટ્રીય તહેવારો ઉજવાય છે. જેમાં ધ્વજવંદનનો કાર્યક્રમ હોય પરંતુ ધ્વજવંદન સોસાયટીના સ્વીપર, સિકયુરીટી ગાર્ડ કે પોસ્ટમેનના હસ્તે કરાવવામાં આવે છે. નવરાત્રિ હોય કે ગણેશ ઉત્સવ, જન્માષ્ટમી હોય કે ઉત્તરાયણ તમામ તહેવારોને કોઈને કોઈ જાગૃતિ સંદેશ જેવા કે બેટી બચાઓ, સ્વચ્છતા અભિયાન, વૃક્ષો વાવો અથવા વ્યસન છોડવું વગેરે સાથે જોડીને ઉજવાય છે. ગણેશજીની મૂર્તિ ઈકો-ફ્રેન્ડલી જ હોય અને રાષ્ટ્રીય તહેવારો પર પ્રભાત ફેરી થાય, સમુહ સુખડીનો પ્રસાદ ધરાવાય કે તેજસ્વી તારલાઓનું સન્માન કરાય, બ્લડ ડોનેશન કેમ્પ થાય તો ચુંટણી સમયે લોકશાહી પર્વ ઉજવાય, દરેક તહેવાર શહીદોના માનમાં મૌન પાળીને જ ઉજવાય છે આવી સોસાયટીમાં મહિલાઓ થોડી પાછી પડે? આશરે ત્રણેક વર્ષ પહેલા એક ધાર્મિક પ્રસંગે મહિલાઓની બેઠકમાં નિયમિત સેવા કાર્ય કરવા માટેનો પ્રસ્તાવ મુકાયો, તાત્કાલિક તો કશું નક્કી ના થયું પરંતુ વાત વિસારે પડવાને બદલે એકબીજાના અભિપ્રાયને સહારે માળખુ નક્કી થયું અને તેમાંથી ઉદભવ થયો 'દ્વારકેશ સત્કર્મ'નો જેમાં બારેય માસની સેવા પ્રવૃત્તિનું કેલેન્ડર રચાયું અને જવાબદારીઓ પણ નક્કી કરવામાં આવી.

સોસાયટીમાં આમ તો ૧૪૪ ફલેટ છે જેમાંથી કેટલાક ઘર બંધ પણ છે પરંતુ સત્કર્મમાં આશરે સવાસો ઘરની મહિલા જોડાઈ છે જેઓ ઘર દીઠ દર માસે માત્ર રૂ. ૧૦ જેવી નજીવી રકમનો ફાળો આપે છે અને એકત્ર કરાયેલ ફંડમાંથી નિયત કરાયેલ સેવા કાર્ય નવેમ્બરમાં ઝુંપડાવાસી જરૂરિયાતમંદોને ગરમ કપડાંનું વિતરણ, ડિસેમ્બરમાં પોતાના ઘરમાં ચોખા ભરવાની સીઝન હોય ત્યારે ગરીબોને પણ ચોખાનું વિતરણ કરાય છે, જાન્યુઆરીમાં ફરી ગરીબ બાળકને પતંગ, ચીકી-શેરડી વગેરેનું વિતરણ, ફેબ્રુઆરીમાં ઘઉંનું વિતરણ,





હાથ ધરવામાં આવે છે. મહિલાઓના સત્કર્મ કેલેન્ડર મુજબ જુન માસમાં શાળા પ્રારંભે વિવિધ સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ગરીબ બાળકોને નોટબુક-ચોપડાનું વિતરણ, જુલાઈમાં વરસાદી સીઝનમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ હોય તેવા જરૂરિયાતમંદ વર્ગના બાળ દર્દીઓને બિસ્કિટ વગેરેનું વિતરણ, ઓગષ્ટ માસમાં શહેરના દિવ્યાંગ બાળકો જેમાં બ્હેરા-મુંગા-પ્રજ્ઞાચક્ષુ સહિત અનાથ બાળકોને રક્ષાબંધન કરી ભેટ અપાય, સપ્ટેમ્બરમાં પાંજરા પોળની ગાયોને ઘાસચારો તથા ઓકટોબરમાં દિવાળી પર્વે વૃધ્ધાશ્રમના વડિલોને મિઠાઈ ખવડાવાય છે. દિવાળી બાદ માર્ચમાં બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓને શરબત પીવડાવવા સાથે બાલમંદિરના ભૂલકાંઓને ચાર્ટ-દેશી હિસાબ વગેરેનું વિતરણ, એપ્રિલમાં ગરમી ચાલુ થતા પંખીઓ માટે ચણ અને પાણીની વ્યવસ્થા તથા મે માસમાં વેકેશનમાં જુના કપડાં ઉઘરાવી જરૂરિયાતમંદ વર્ગને વિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત શ્રાવણ માસમાં તો વિશેષ આયોજન કરાય છે જેમાં દર સોમવારે સરકારી પ્રાથમિક શાળામાં ભણતા ગરીબ બાળકોને ડ્રાયફ્રુટ યુકત-મસાલેદાર શકિતવર્ધક દૂધ પીવડાવવામાં આવે છે. વળી, આ દરેક માસની સત્કર્મની જવાબદારી અલગ અલગ બ્લોકની મહિલાઓ દ્વારા ઉપાડવામાં આવે છે. જેની જવાબદારીનો વારો હોય તે સદકાર્યનું સ્થળ, તારીખ-સમય નક્કી કરી સોસાયટીની મહિલાઓને જાણ કરે છે અને દરેક સદકાર્ય સોસાયટીના આંગણે સ્થિત માતાજીના મંદિરે પ્રસાદ ધરાવીને જ પ્રારંભ કરવામાં આવે છે.

દર મહિને માત્ર રૂ. ૧૦ ઉઘરાવીને કરાતા આ સદકાર્યમાં કોઈ વધુ રકમનું સ્વૈચ્છિક દાન આપે તો તે સંપૂર્ણ પણે ફરજિયાત ગુપ્ત દાન તરીકે જ નોંધાય છે, ગમે તેટલું દાન હોય દાતાના નામને જાહેર કરાતું નથી. વળી, દર માસના હિસાબની વ્હોટસએપ પર જાણ કરવા સાથે વર્ષાન્તે સોસાયટીની જનરલ મિટીંગમાં સત્કર્મનો વાર્ષિક હિસાબ પણ રજૂ કરાય છે. એટલું જ નહિ પરંતુ આ કાર્યમાં જો જવાબદાર સભ્યને કોઈ કારણસર બહારગામ જવું પડે તો તેના બ્લોકના અન્ય મહિલા સભ્યો તેની જવાબદારી હોંશે હોંશે ઉપાડી લે છે. વર્ષિક હિસાબ આપતી વખતે સતકર્મ માટે સૌથી વધુ સમય આપી જહેમત ઉઠાવનાર સભ્યોનું સન્માન પણ કરવામાં આવે છે. દ્વારકેશ સત્કર્મની પ્રવૃત્તિના કારણે આ મહિલાઓને એકબીજા સાથે સંબંધ એટલો મજબૂત બની ચુકયો છે કે દરેક સત્કર્મ વખતે સોસાયટીની લગભગ મોટા ભાગની મહિલાઓ જોડાય છે. દ્વારકેશ સોસાયટીમાં દર શ્રાવણ માસના પ્રથમ સોમવારે સોસાસટીના વડિલોને ધાર્મિક પ્રવાસ કરાવાય છે. સત્કર્મ દરમિયાન પ્રજ્ઞાચક્ષુ બાળકોએ સંગીત દ્વારા આભાર માન્યો હોય કે વૃધ્ધાશ્રમમાં વડિલ બા એ મિઠાઈની સામે ફળ આપી આશીર્વાદ આપ્યા હોય તેવી અણમોલ ક્ષણો આ મહિલાઓને વધુને વધુ સત્કર્મ કરવા પ્રેરીત કરતી રહે છે. માત્ર પાંચેક વર્ષ પૂર્વે અસ્તિત્વમાં આવેલ આ સોસાયટીના રહીશો સાચી ધાર્મિકતા, સાચી સદભાવના અને સાચા દેશપ્રેમથી તેમની નવી પેઢીને ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરી રહ્યા છે. જેમાં મહિલાઓની પ્રતિબધ્ધતા ખરેખર વંદનીય અને અનુકરણીય છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# ચૌધરી કોલેજ ખાતે એમેચ્યોર ફેન્સિંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

એમેચ્યોર ફેન્સિંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના ઉપક્રમે ગાંધીનગર જિલ્લા ફેન્સિંગ એસોસીએશન અને જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સેકટર-૭ દ્વારા જે.એમ.ચૌધરી કોલેજ કેમ્પસ, સેકટર-૭ ખાતે તા. ૧૬-૭-૨૦૧૭ના રોજ અંડર-૧૨ ગુજરાત સ્ટેટ ફેન્સિંગ ચેમ્પીયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામા ઉદઘાટન પ્રસંગે ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ (ગુડા)ના ચેરમેન આશિષભાઈ દવે, ભાજપ વિદેશ વિભાગના ચેરમેન સંજીવભાઈ મહેતા, ભાજપ ઉત્તર ઝોન મીડીયા સેલના કન્વીનર જીજ્ઞેશભાઈ જોષી, એમેચ્યોર ફેન્સિંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મનીષકુમાર સોલંકી, ચેરમેન અને આંતરરાષ્ટ્રીય કોચ ભરતજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. તદ ઉપરાંત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ફેન્સિંગ કોચ રોશન થાપા, અનિલકુમાર ખત્રી, રત્નદીપ સોલંકી, સંદિપ શર્મા, સિનિયર ફેન્સિંગ ખેલાડી રાજદીપ રાષ્ટ્રપાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. સુરસંગજી જાલમજી સોલંકી, ઉ.વ. ૪૫
- સ્વ. ઉમેદસિંહ પરબતસિંહ ઠાકોર, ઉ.વ. ૬૮